૨

સમરસ છાત્રાલયોના વહીવટ માટે
કર્મચારીઓનું વેતન તથા ભોજન અને
અન્ય ખર્ચ માટે વર્ષ ૨૦૧૮-૧૯ માટે
નવી બાબતને મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સમછ/૧૦૧૮/૬૬૭૭૮-(નબા-૫૬)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૮ /૬/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩૦-૦૧-૨૦૧૮ ના પત્ર ક્રમાંકઃ-અજાક/ગ-૧/૧/૨૦૧૭-૧૮/૯૬૩

ઠ રા વઃ-

સમરસ છાત્રાલયોના વહીવટ માટે કર્મચારીઓનું વેતન તથા ભોજન અને અન્ય ખર્ચ બાબતે વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી બાબત ઉકત વંચાણે લીધા ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩૦-૦૧-૨૦૧૮ ના પત્રથી રૂ.૧૦.૭૨ લાખની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી,ગાંધીનગરની વડી કચેરી માટે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩, ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૪૦૦,લેવલ-7 (ફિકસ પગાર રૂ.૩૮૦૯૦/-) ની ૧ (એક) તથા હેડ કલાર્ક,વર્ગ-૩ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૨૦૦, લેવલ-6 (ફિકસ પગાર રૂ.૩૧૩૪૦/-) ની ૧ (એક) એમ કુલ ૨ (બે) જગયાઓ ઉભી કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. અને તે માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે માંગણી નં.૯૫, મુખ્ય સદર-૨૨૨૫-૦૧-૨૭૭-૧૭ બજેટ હેડ હેઠળ મંજુર રહેલ રૂ.૧૦.૭૨ લાખ (અંકે રૂપિયા દશ લાખ બોતેર હજાર પુરા) ની જોગવાઇને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૧૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૬/ આર.ઓ.પી-૨૦૧૬/પે મેટ્રીક-લેવલ પ્રમાણે છે કે કેમ? તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોં-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૨૧-૦૫-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
સંબંધિત નાયબ નિયામકશ્રી, અજાક, ની કચેરી (નિયામકશ્રી,અજાક, મારફત)
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી,અજાક, મારફત)
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી,અજાક, મારફત)
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કો.સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.